# સ્વામિનારાયણ સંપ્રદાય બેઝિક નોલેજ

**ધો.-૮ અને ૯ માટે પ્રવેશ પરીક્ષામાં સ્વામિનારાયણ સંપ્રદાયના બેઝિક નોલેજના પ્રશ્નો આપેલ માહિતીમાંથી પૂછાશે.**

## A. સ્વામિનારાયણ ભગવાન વિશે :

**પ્રાગટ્ય :** સંવત ૧૮૩૭, ચૈત્ર સુદ-૯

**પ્રાગટ્ય સ્થળ :** ગામ - ઉત્તર પ્રદેશ, છપૈયા

**માતાનું નામ :** ભક્તિમાતા

**પિતાનું નામ :** ધર્મપિતા

## B. અબજીબાપાશ્રી વિશે :

**પ્રાગટ્ય :** સંવત ૧૯૦૧, કારતક સુદ-૧૧, સોમવાર

**પ્રાગટ્ય સ્થળ :** ગામ - કચ્છ - બળદીયા

## C. અ.મુ.સદ્.શ્રી દેવનંદનદાસજી સ્વામી (ગુરુદેવ પ.પૂ. બાપજી) વિશે :

**પ્રાગટ્ય :** મંગળવાર, તારીખ. માર્ચ ૧૩, ૧૯૩૩

**પ્રાગટ્ય સ્થળ :** વાસણ, જી. અમદાવાદ

**પ્રસિધ્ધિ :** શુધ્ધ ઉપાસના યુગ પ્રવર્તક પ.પૂ. બાપજી

**જ્ઞાનગુરૂ :** અ.મુ. સદ્. શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી(મુનિસ્વામી)

**સૂત્ર :** સિધ્ધાંતમાં સમાધાન નહિ, નિમય-ધર્મમાં છૂટછાટ નહિ.

**ગુરુદેવ પ.પૂ.બાપજીના સ્મૃતિસ્થાન -** 1.અનાદિમુક્ત પીઠીકા (સ્વામિનારાયણ ધામ) 2.દિવ્ય શાંતિપાઠ (વાસણા)

## D. અ.મુ.સદ્.શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી (ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી) વિશે (વર્તમાનકાળે SMVS સંસ્થાના ગુરુ) :

**પ્રાગટ્ય :** (દશેરા), તારીખ. ઓક્ટોબર ૦૮, ૧૯૫૯

**પ્રાગટ્ય સ્થળ :** દદુકા, તા. સાણંદ, જી. અમદાવાદ

**ગુરૂ :** અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામી (ગુરુદેવ પ.પૂ. બાપજી)

## E. સ્વામિનારાયણ સંપ્રદાય વિશે :

1. **આપણો પ્રણાલિકા શ્લોક**

- "ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ,
  ત્વમેવ બંધુ ચ સખા ત્વમેવ,
  ત્વમેવ વિદ્યા દ્રવિણમ્ ત્વમેવ,
  ત્વમેવ સર્વ મમ્ દેવ:

2. **વચનામૃત લખવાની શરુઆત -** સંવત ૧૮૭૬ માગશર સુદ ચતુર્થી (ચોથ)

3. **વચનામૃતની કુલ સંખ્યા -** ૨૭૩

4. **વચનામૃત ગ્રંથ તૈયાર કરના સંતો -** 1.સદ્. ગોપાળાનંદસ્વામી 2. સદ્.મુક્તાનંદસ્વામી 3.સદ્. નિત્યાનંદસ્વામી 4. સદ્. બ્રહ્માનંદસ્વામી 5. સદ્. શુકાનંદસ્વામી

5. **શ્રીજીમહારાજના સમયના કોઈ પણ એક હરિભક્તનું નામ -** પર્વતભાઈ, દાદાખાચર.

## F. સત્સંગ વિશે :

1. **શિક્ષાપત્રી ગ્રંથ શું છે ?**શિક્ષાપત્રીએ શ્રીજીમહારાજે સંપ્રદાયના સર્વે સત્સંગીને સંબોધીને કરેલી આજ્ઞાઓ છે, જે ગાગરમાં સાગર તુલ્ય છે.

2. **સ્વામિનારાયણ મંત્રનો અર્થ શું ? -** સર્વે નારાયણ માત્રના સ્વામિ એટલે સ્વામિનારાયણ, આમ સ્વામિ એ નિયંતાવાચક શબ્દ છે.

3. **સત્સંગની બે પાંખો -** આજ્ઞા અને ઉપાસના

4. **ચાર પ્રકારના આશ્રમ -** 1. બ્રહ્મચર્યાશ્રમ, 2. ગૃહસ્થાશ્રમ, 3. વાનપ્રસ્થાશ્રમ, 4. સંન્યાસાશ્રમ

5. **પંચ વિષય -** 1. શબ્દ, 2. સ્પર્શ, 3. રૂપ, 4. રસ, 5. ગંધ

**6. મુખ્ય ગ્રંથ -** 1.શિક્ષાપત્રી 2.વચનામૃત 3.બાપાશ્રીની વાતો

**7. આપણો ગુરુમંત્ર -** અહમ્ અનાદિમુક્ત સ્વામિનારાયણ દાસોસ્મિ

**8. પાંચ આરતીના નામ –** 1.મંગળાઆરતી 2.શણગારઆરતી 3.રાજભોગ આરતી 4.સંધ્યા આરતી 5.શયન આરતી.

**9. ગૃહસ્થના પંચ વર્તમાન -** 1.દારૂ 2.માટી 3.ચોરી 4.અવેરી 5.વટલવું નહી અને વટલાવવું નહી.

**10. સંતોના પંચવર્તમાન –** 1.નિષ્કામ 2.નિર્લોભ 3.નિ:સ્વાદ 4.નિ:સ્નેહ 5.નિર્માન.

**11. શ્રીજીમહારાજનું ધામ -** અક્ષરધામ

**12 .અમીરપેઢીના સૌ પ્રથમ સંત -** સદ્.ગોપાળાનંદ સ્વામી

**13. આત્યંતિક કલ્યાણ એટલે શું ?-** જન્મ-મરણના ફેરાથી રહિત થઇ અનાદિમુક્તની સ્થિતિ પામવી

## G. SMVS વિશે :

**1. SMVSનું આખું નામ -** સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા

2. **SMVS સંસ્થા સ્થાપના દિન કયો છે ? -** મહા વદ નોમ, ૧૯૮૭

**3. SMVSનું પ.પૂ.સ્વામીશ્રીએ આપેલું આધ્યાત્મિક નામ -** શ્રીજીમહારાજનો વ્હાલો સમાજ.

**4. આપણી સંસ્થા દ્વારા દર મહિને પ્રકાશિત થતો અંક -** ઘનશ્યામ અંક

**5. સિદ્ધાંત સુત્ર -** સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનની ઉપાસના દ્રઢ કરી અનાદિમુક્તની સ્થિતિ પામવી એ જ કારણ સત્સંગ.

**6. સત્સંગમાં પ્રાથમિક ગાન : ૧. જયનાદ**

(૧) સહજાનંદ સ્વામી મહારાજની જય

(૨) ઘનશ્યામ મહારાજની જય

(૩) હરિકૃષ્ણ મહારાજની જય

(૪) બાપાશ્રીની જય

(૫) સદ્ગુરુશ્રીની જય

(૬) સ્વામિનારાયણ ભગવાનની જય

**૨.જીવનમંત્ર**

સ્વામિનારાયણ ભગવાન મારા ઈષ્ટદેવ છે.
આ સત્સંગ મારું ઘર છે.
મહારાજની મૂર્તિ મારો ધ્યેય છે.
છતે દેહે હું મૂર્તિધામમાં જ છું.
મહારાજ માટે જ મારો જન્મ છે.
એમના થઈને જ સદા જીવવું છે.
ભગવાન અને સંતની સેવા એ જ મારું સુખ છે.
એમની આજ્ઞા ને અનુવૃત્તિમાં જ સદા રહીશ.
સત્સંગી માત્રનાં સુખ-દુ:ખમાં સદા ભાગીદાર થઈશ.

**3. ધ્યેયગીત**

બનશું અમે આદર્શ બાળ, સદા મૂર્તિમાં રમનાર;
થઈ હરિકૃપા અપાર, આ તો શ્રીજીનો દરબાર,
આજ્ઞા લોપાય નહિ લગાર, પાળીએ થઈને ખબડદાર;
કારણ સત્સંગ જોરદાર, સંતો કેરો છે સહકાર,
તન, મન, ધન સદા તૈયાર, તજશું જરૂર પડે ઘરબાર;
સર્વોપરી સદા સાકાર, સૌના કારણ ને આધાર,
કરવો પ્રચાર દુનિયા પાર, સંકલ્પ કીધો છે નિરધાર;
સુખ-દુ:ખ આવે અપરંપાર, લાગે વિઘ્નોની લંગાર,
તોયે હરિબળે જીવનાર, શ્રીજી બાપા રક્ષણહાર;
આ છે જીવન કેરો સાર, રાજી રહેજો સદાકાળ.

**૪.વિજયગાન**

આશ્રિતગણ સુખદાયક જય હો, સંસ્કાર કેન્દ્ર પ્રદાતા;
દીન બાળકોના સુખદાતા, દોષમાત્રના જ્ઞાતા,
માત તાત ને ભગિની ભ્રાતા, આપ જ કર્તા હર્તા,
તુજ શરણે જે આવે, જીવન ધન્ય બનાવે,
શ્રીજીનો યશ ગાતા.
આત્યંતિક કલ્યાણના દાતા, ફરીએ પ્રચાર કરતા;
દેશ વિદેશે મહિમા ગાતા, વિજય ધ્વજા લહેરાતા,
જય સ્વામિનારાયણ જય હો, જય જય શ્રીજી બાપા;
જય હો, જય હો,જય હો,જય જય જય હો...